प्रिय विरह.

રચનાર,

ડાકોર, ગુણ ગ્રાહક સુભેચ્છક.

મંડળીના રાઇટર.

છપાવી પ્રસીદ્ધ કર્ત્તા.

બોરસદ નિવાસી,

દામોદર વી. પ્રેમાનંદ. પરીખ.

કોપી ૧૦૦૦

અમદાવાદ આર્યોદય પ્રેસ.

સન ૧૮૮૭—સંવત ૧૯૪૩.

કિંમત રૂ૦-૨-૦

अर्पण पत्रिका.

પ્રિયમિત્ર ભોગીલાલ છગનલાલ. શાહ.

મનહર છંદ.

શાણા ભોગીલાલભાઈ વડાઇની રીત જોઇ,
ખોઇ મુજ ભ્રાંતીઓને મનના વિકારથી;
મેળવીને વિદ્યાજ્ઞાન મેળવીને ઝાઝું માન,
સુજાણ વિદ્યાની મહી દીસી આવતા અતી;
તાલુકે છે આતરસુમ્બા મ્હાલ દહેગામ પ્રાંત-
કડી સ્ટેટ વડોદરા કાંણીએલ ગાંમ છે;
હયાત છે માતતાત વળી ત્રણ ભ્રાત આપ,
અટકે જો શાહ પિતા છગન એ નામ છે;
નહિ જો વિશાળ ગામ નિશાળનું નામ શોભે,
ઘણા જન વદે વાણી જાણી ઝાઝી હામ છે;

આતરસુમ્બાની મહી વિદ્યાભ્યાસ કર્યો જઈ,
ધન્ય ધન્ય કહે લોક ગામના તમામ છે;
વળી હક્ક મિત્રાઈનો રાખી મુજ સંગ દાખી,
ચાખી ગુણ આભારી તો થવા મુજ હામ છે;
પર ઉપકારી કામ કરવાને હામ ભારી,
અરપણ કરવાને પોથી મારી મામ છે.

લી. આપનો આભારી મિત્ર

મોતીલાલ નાથજી મહેતા.

પ્રિગ વિરહ.

દોહરો.

ભણેલ પ્યારી હોયતો, દે નિત સારી શિખ;
પરસપરે બંને જણાં, જાચે સદગુણ ભીખ.
તજે ક્લેશ કુસંપને, કાઢે અધર્મ કાળ;
સુખ દુઃખમાં સામેલ રહી, લે નિત્યે સંભાળ.
થાય ભૂલ જો એકની, બીજો દાઝે દીલ;
પ્રિયા પ્રીત પરખાય છે, જીવ જાતાં નવ ઢીલ.
કોમળ રાખે કાળજાં, કહે નિત સારિ વાત;
સ્મર્ણ કરે કરતા તણું, પરમ પ્યાર શાક્ષાત.
જો પ્રીય વીખુટા પડે, નયને ચાલે નીર;
સુશીલ શુગાત્રી પ્રીયા, રોતાં ભીજે ચીર.
સદવિધા સુખ સરવને, મળી કરે વિચાર;
જુદાં દીસે ખોળીયાં, એકજ જીવ નીરધાર.
પ્રિયા દુઃખ પોતે ધરે, ઉતારે સુખ નૂર;
પ્રિયનાથ કહેવા અતી, થઇ બેસે આતુર.
ફાડે આપી દ્રવ્યને, તો એ નવ ફેડાય;
પ્યારા પ્રીયના દુઃખમાં, લઇ જીવ તતપર થાય,

દ્રવ્ય માલને માણસો, માને નવ ઘરબાર;
પરમ પ્યારની એજ છે, એંધાંણી જો યાર.
કરતાં પ્યારી પ્રીતને, બોલે મુખથી યાગ;
જેણે જાચ્યો પ્યારને, તેનાં મોટાં ભાગ્ય.
દુઃખ માણસના દીલનું, ગમ્મતથી ન જણાય;
ગમ્મત કેરી રીતડી, સ્નેહીનેજ ગણાય.
ચિંતા ચિતા સરીખડી, માણસનું લે નૂર;
પણ વાધે પ્રીય પ્યારથી, ઉલટું અંગે નૂર.
પ્યારા સંગે વિશ્વમાં, કરવો સારો પ્યાર;
રોજ વધારી વ્હાલને, દ્યો પ્રિતે સતકાર.
દુરગુંણ તો દીલ દુર છે, છેટું કોસ પચાસ;
સારા આવે સદગુણો, થઈએ પ્રભુના દાસ.
પ્રિય પ્યારી તુજને કહું, હક્ક ગાનીને સાર;
મનમાં મન ગમતું કહો, દરશાવે છે પ્યાર.

પ્યારી વિયોગ.

બારમાસી.

કારતગ.

(રાગ. સીતાજીના મહિનાનો).

પ્યારી કારતગ કેમ કરી જાય, વિયોગના દુઃખથી;
આવે દિલમાં અનેક વિચાર, કહું શું મુખથી.
દીપે દેવ દિવાળીના દિન, દીવા રોશનાઈથી;
પ્યારી જોતાં તે ખાવા ધાય, તારીરે જુદાઈથી. ૧
મને ન ગમે મ્હેલ અવાસ, અગાશી કે ઓરડો;
લાગી અંતર માંહી ઝાળ, માર્યો પ્રિતી કોરડો.
પ્યારી છે એવી જુદી રીત, દેખોછો આપતો;
માટે રીઝવજો કરી રીઝ, જરૂર કરી જાપ–તો. ૨

માગશર.

મારૂં માગશર માસે મંન, અતી અકળાય છે;
જેવું પાંણી પવન વીણુ ઝાડ, તેવું કરમાય છે.
વળી પ્યારી વિયોગનું દુઃખ, મોટા તરૂ જેટલું;
મને જાણજે નાંનો છોડ, સહું દુઃખ કેટલું. ૩
પ્યારી સુખના સાગરમાં સેલ, કારણ વેલ પરવરી;
ડુબ્યો મધ્ય દરિઆની માંહી, બચાવો રક્ષા કરી.
પ્યારી શીતળતાના દીન, શિયાળો જાણજે;

પીડા પામે પ્યારો પ્રાણ, ગરમ ચીજ આણજે. ૪

પોસ.

વાહાલી પોસે પુરણ પ્રીત, તમારી સાંભળો;
ઠંડા દીન જનોમાં ગણાય, તોપણ મુજ દીલ બળે.
ઝાડ જીવ તરૂ આદિ છોડ, સુકાય છે હેમથી;
પ્યારી એજ મુજબ મને જાણ, સુકાવું છું પ્રેમથી. ૫
અરે થાવોને સૂર્ય પ્રકાશ, ગરમ કર કાયને;
જાણો હિંમત ગઇ છે દૂર, હવે આપો સહાયને.
કરૂં દીલમાં હું વાંછના રોજ, જોવા તુજ મુખડું;
ક્યારે ભેટીને પ્યારી પ્રાણ, મેળવીશું સુખડું. ૬

માહા.

પ્યારી મળવાને મન અકળાય, માહે મન માહરૂં;
મને થાશેજ શાંતિ શરીર, વદન જોઇ તાહરૂં.
નાંના વિધનાં વનસ્પતિ ફૂલ, ફુલી ફૂલ વાડીઓ;
ગણું સરવે રાન સમાન, જાણું જુદી ઝાડીયો. ૭
જોવું શહેર બજાર ને પોળ, રાજેંદ્રના વાસને;
પ્યારી તુજ વિણ ગમે ન કોય, પુરી કર આશને.
જોતાં વિત્યા શિયાળાના દીન, દુખી દીલડું રહ્યું;
પ્યારી ધરજે તું દીલ પોકાર, નથી જાતું સહ્યું. ૮

ફાગણ.

આવ્યો ફાગણ માસ વસંત, ઘણું ગાન હોરીઓ;

થાય તે સાલે તનની માંય, જાણું જીવ કોરીયો.
પ્યારી ડફ મરદંગને તાલ, વાજાં રૂડાં વાજતાં;
વળી થાય ગુલાબના ગાળ, ભેરી ભર ગાજતાં. ૯
પ્યારી તે સરવે મન ત્રાસ, પમાડે છે તનમાં;
સુણી દેખીને થાવું નિરાશ, મુઝાવું છું મનમાં.
આવી હાલત હાની ભરેલ, ભોગવતો હું અહીં રહ્યો;
તું તો જુદી રહી જીવજાન, વિયોગ તો બહું સહ્યો. ૧૦

ચૈતર.

પ્યારી ચૈતર ચીંતા થાય, ઉનાળો આવીયો;
ઘટી રાત દિવસ વિકરાળ, ઈશે ઊપજાવીયો.
ફુલ્યાં ઝાડને કોમળ પાન, ખાખરડો ફાલીયો;
તેમ કસુંબી કેરાં ફુલ, બીજાં તરૂ ડાળીયો. ૧૧
બોલી કોયલ મધુરા બોલ, તરૂ ગરજાવતી;
પ્યારી પ્રિયા રહી પરદેશ, સંદેશા કહાવતી.
નદી નિરમળ જળનું મીન, સરોવરે તરફડે;
તેમ મારી અવસ્થા જાણ, એવી અડચણ નડે. ૧૨

વૈશાખ.

વાય વૈશાખે વાયુ અપાર, લૂનાં ભડકા વળી;
કામ-તાપ બીજો અંગાર, જાયે ચીતડું ચળી.
બેસું બાગ બગીચે કે ખાટ, ખુરશીએ જો કદી;

સારી સભા કે ફુવારા બહાર, હવા લેવા નદી. ૧૩
જોવું ત્યાં સુરતી તતખેવ, ઘણી યાદ આવતી;
વારૂં કરી ઘણાક વિચાર ઉછાળા મારતી.
પ્યારી પડી ગઇ હીરની ગાંઠ, તુટે, છૂટે નહીં;
હું ધારૂં છું વસ્તી એમ, ક્યારે મળશે સહીં. ૧૪

જેઠ.

પ્યારી જેઠે ઉનાળાના દીન, ચોમાસું ચાળા કરે;
બોલે મધુરાં પક્ષી બોલ, મયુર તો કળા ધરે.
પ્યારી ગાળ્યો ઉનાળો ને શીત, દુઃખી દીલ જાણજે;
હું જોવું આતુરતાએ વાટ, લલીત ચીત આણજે. ૧૫
પરદેશ રહી પ્રિયા પ્રાણ, ચોમાસાના ચારમાં;
અતી ચીંતા મનમાં થાય, પડું વિચારમાં.
માહા નેત્રમણિ ઘણી વાર, કરો નહીં આવતાં;
પત્ર વાંચીને મળજો પ્રિય, સંદેશો માં કહાવતાં. ૧૬

અશાડ.

પ્યારી અશાડે પુરણ પ્રિત, કરી પરમેશ્વરે;
પણ આપ વિના હરનીશ, શોકાતુર છું ખરે.
બન્યો દિવસ બરોબર રાત, ઘટા વરસાદની;
બહું ધન ગરજે ધમઘોર, સીંહણના સાદની. ૧૭
થાય શીત સરોવર કાય, અમીર ઉમરાવને;

લાગે બાગ જવા નદીપાર, હંકારે છે નાવને.
કરે વનમાં ટઉકા મોર, વિંછી મહી મહાલતા;
પ્યારી હરજો વિંછી વેદનાય, બહુ ઘા સાલતાં. ૧૮

શ્રાવણ.

પ્યારી શ્રાવણ માસ શ્રીહાર, તારા વિના મને;
લાગે સર્વના કરતાં કનીષ્ટ, પામું પીડા દેહને.
આછો ઝરમર વરસે મેહ, દેહ મારી ધ્રૂજતી;
બન્યો બાવરો આ મુજ પ્રાણ, નથી ગમ સૂજતી. ૧૯
પ્યારી સુખ દુઃખમાં સામેલ, ધરમ જાણું આપનો;
મારૂં હૃદય ધરેછે રોશ, રૂઝત માર તાપનો. (ધ્રો)
પ્યારી ભીતર ભરતી ભરાય, વિયોગના દુઃખની;
જાણો કષ્ટ કાયા કરમાય, નથી ઘડી સુખની. ૨૦

ભાદરવો.

ભલો આવ્યો ભાદરવો માસ, ભારે વરસાદનો;
કાળી રાત બની ઘનઘોર, ઢંકાય છે ચાંદલો.
જોઇ ભીતર લાગે આગ, દાઝું છું હું દીલમાં;
તેનું કારણ વશી તું દુર, હવે કર ઢીલ માં. ૨૧
હોડે સૌ જન છત્રી શીર, પલંત લો હું પાપીયો;
કરે સૌ જનની જોઇ પહેલ, પ્યારી વ્રેહ વાપીયો.
તુંજ વ્રેહનો વાગ્યો છે માર, તેથી જાણુ દુઃખીયો;

વંદુ ઇશ્વર કરજો સહાય, થાઉં જેમ સુખીયો. ૨૨

આશો.

આવ્યો આનંદી આશો માસ, ત્રાસ ઉપજાવતો;
નાની નદીયે ખુટ્યાં નીર, થયાં બંધ નાવતો.
પ્યારી સુખના સાગરમાં સેલ, તે ક્યારે કરાવશો;
આવે જોઇએ જેવા તેવા દીન, હર્શ ઉપજાવશો. ૨૩
પ્યારી દીસે દીવાળીના દીન, રોજ તજી રોશને;
કરવા ધરવા આભુષણ અંગ, આવો તજી દોશને.
ઝટ જાંણી આવો જીવજાન, જુદાઇનું દુઃખડું;
વળી ચકવા ચકવીની પ્રિત, સંભારી સુખડું. ૨૪
લખું અતંર આંણી વહાલ, પ્રીય મો'ના હાથનો;
પ્રિત દાખી પ્રિયા પાઠવ, જવાબ તું નાથનો.

(મનની અંદર વિચાર કરેછે.) લાવ, લાવ, લાવ, હું મારી પ્રિય પ્યારીને પત્ર લખું ? અરર ! જેટલો હું મારી પ્યારીના વિયોગથી દુઃખ રૂપી દરિયાની અંદર રીબાઉંછું; તો તેને શું મારે માટે દુઃખ નહીં થતું હોય ? તેને શું વિયોગ નહીં પીડતો હોય ? તેને શું કામ જોર નહીં કરતો હોય ? ના, ના, ના, કરતોજ હશે. (કાગળ લખી રવાના કરેછે) આ વખતે સ્ત્રી પોતાના પ્રિય પતિના વિયોગથી કેટલી દુઃખી હશે ? તેનો વિચાર કરવો એ આપ સઘળા

સદગૃહસ્તોનેજ સોંપુંછું. (એટલામાં ટપાલવાળો આવેછે ને કાગળ આપેછે. ને તે નીચે મુજબ વાંચેછે.)

શ્રી૧।

પ્રાણ તુલ્ય, અમૃતસાગર, નેત્રમણિ, દીલોજાન, પ્રાણ પ્યારી, સુશીલ, સુગાત્રિ, કનક વેલી, મૃગ લોચની, ચંદ્રવદની, દિર્ઘ દર્શી, સુજ્ઞ, ચીતાંકર્ષક, પ્રાણવલ્લભા, કનક કાન્ત, સુગુણી, પ્રિતી પાત્ર, અમુલ્ય રત્ન, માશુક પ્રિયા.

મુ. શુભસ્થળ.

લી: તારી કામ પ્રિતીપર અને શુભ મુખ મુદ્રાપર, મોહિત થયેલા, પ્રેમ વિલાસી, અને ઘણા દિવસના વિયોગી પતિની સલામ તારી ખુશ કરતા બેઠકમાં પધારનાર સઘ અને માયાળું સાહેલીયોની આગળ આબેહુબ અગાધ પ્રેમથી સ્વિકારવા ફુરસ્દીવંત થઇશ. પ્રાણ પ્યારી! " ચંદ્ર–તેજ જેમ શુકલપક્ષના દિવસોમાં ચઢતું હોયછે; તેમ રત્નાવળી પ્રીયા ! મારા અનંગ (કામ) નું જોસ તારા ભેટના દિવસોમાં બેહદ લોહચુંબક કરે છે. સબબ તારા અભેરામ ચહેરાનું દર્શન–જેમ સૂર્યના કિર્ણનું પ્રતિબિંબ પાણીમાં પડે છે; તેમજ આધુની પ્રેમમાં પરાવર્તન કરેછે.

હે કામ દુધા ! શુભેચ્છક, બુદ્ધિકિર્ણ, જેમ કાલિન્દી (જમનાં)નું પાણી શ્રીકૃષ્ણ ભગવાનની બંસીનો નાદ સુણી સ્થિર થઇ જાયછે; તેમ હું તારી અલૌકિક સુધા મિષ્ટ વાં-

ણીથી ભરેલો પત્ર વાંચવાને આતુર થઇ બેશી રહેલ છું. સંબબ તારા વિયોગથી જે મારા જીગરને મોહરૂપી ઘા વાગેલા છે, તે તારા કોમળ હસ્તને તસ્દી આપી જેગ બને તેમ ત્વરાથી પત્ર લખી રૂઝવીશ.

(રાગ પડવાની પડ પીત.)

રૂપ ગુણુ ઔદાર્ય, ચંચળ દારારે;
શું વર્ણી લખું ગુણવાન, નકી ગણુ તારારે;
કનક કાન્તિ કોડામણી, કર ચુડીરે;
નાકે નથનીનો નોક, મણિધર રૂડીરે.

બનજારા.

આંખ અણીઆળી કેશ કાળા,
ભમ્મર બાણ છે હોઠ પરવાળા; (ટેક.)
સુરેખ નાક નોખ શિરોગણ,
મોહિત પંક્તિના દાંત પરોવણ;
લાખ લોચનના કરી ચાળા,
ભમ્મર બાણ છે હોઠ પરવાળા. ૧
વચ્છલ વક્ષ છે સુંદર છાતી,
પ્રાણ વલ્લભા મદમાં માતી;
વય વીશ તણી છે બાળા,
ભમ્મર બાણ છે હોઠ પરવાળા. ૨

હે રત્નાવળી પ્રિયા! તું ખરેખર પદમણિ છે. જો હું

તારા રૂપ, ગુણ, અને ચાતુર્યતું વર્ણન કરવા બેસું તો આ એક લઘુ પોથી મટી મોટા ગ્રંથ થઈ પડે. માટે તારા વિશે હું જે લખું તે સર્વે ઓછું છે. એટલે કે તારૂં રૂપ, ગુણ અને ચાતુર્યતું બ્યાન કરવાને આ બિરાજેલા સુગ્ર સભાસદોને સોંપું છું.

માલિની છંદ.

અરરર પ્રિય મારી, કામ દૂધા વિહારી;
રૂપ ગુણ સદગુણી, કેમ જાઓ વિસારી;
જરૂર જરૂર જાણો, કામની શું કહું હું;
તુજ મુખ દુઃખ કાપે, વાણિ શુણી રહુ હું.
ઇશ અવિચળ રાખે, કામ વેત્તા અધૂરી,
હરનિશ નમિ માગુ, કામની કામ પૂરી;
ખરર ખરર પાણી, નેત્રમાંથી ખરે છે,
ચરરચરર મારૂં, ચીત ઝાઝું બળે છે.
નકર નકર ચિંતા, પ્રાણ પ્યારી નવેલી,
વખત અમુલ્ય જાશે, આવને વેલી વેલી.

હે પ્રિયા! મારા અંતરની દાઝ આ પત્રની અંદર જણાવતો નથી. પરંતુ આશા રાખું છું કે તારા વિયોગી પતિને આ દુઃખરૂપી દરિયાની અંદર ડુબતાં, નાવરૂપી પત્ર જેમ બને તેમ જલદી પાઠવ. જેથી કરીને હું છ- લંગ મારી બહાર નીકળું.

માલિની છંદ.

પરમ પરમ પ્યારી, પ્રાણની પ્રાણ દાતા;
ઝટપટ લખી પત્રો, આપની સૂખ શાતા;
બહુ ખુશ થકી બેસી, સાથ ક્યારે જમીશું;
ચુમિ લઈ લઈ કોડે, હેત ભાવે રમીશું.
મન પરવશ મારૂં, કામથીતો થયું છે;
વિરહ વિનોદ માટે, શીત તો થૈ ગયું છે;
અરધિ રજનિ જાતાં, નીંદ મુને ન આવે,
તુજ મન રૂપિ ઘોડો, રાશ તોડી સતાવે.

બસ! બસ!! બસ!!! પ્યારી! તને કંટાળો તો ઉપજશે પરંતું હું ધારૂંછું કે તું પતિવ્રતાછે અને પતિની સેવામાં મશહુર છે, તેથી તને કંટાળો ઉપજનાર નથી. એજ તા. ૧૯ મી ઓગષ્ટ સન ૧૮૮૭ લી. તારો વિયોગી પ્રાણનાથ.

સ્ત્રી—અહો! પ્રાણનાથ! આપે મને વિયોગી કરી. આ દુઃખરૂપી સંસારની અંદર રવડતી મૂકી, આપ પરદેશમાં રહી મને દુઃખીઆરી કરશો ક્યાં લગી? હું મારા પ્યારા પતિ પરદેશથી આજ આવે, કાલ આવે, એવી રીતે હમેશાં આશા રાખી રાહ જોઇ દિવસ નિર્ગમણ કરતી. પરંતુ તેઆશાને બદલે તેમના કોમળ હસ્તનો લખેલો પ્રેમી પત્ર મારા અભાગી, પાપી હસ્તમાં આવી પડ્યો. અરે! આ દુનિયા, આ સંસાર તથા આ સઘળા

જગતનાં માણસો મને એક તોફાની પવન રૂપી દેખા દેઈ મારા અંતઃકરણને ગૃત છાંટી વધારે બાળેછે.

ભુજંગી છંદ.

પતિ હાથનો આવિયો પત્ર આતો;
ખમાતી નથી કામની જો પીડાતો;
અતિ યાદ આવે પતિ વાર વારે,
કરૂં શેવના નાથની હું સવારે?
કરી પ્રાર્થના માગતી ઇશ પાસે,
પ્રભુ પાઠવો પ્રાણદાતા અવાસે;
કિયા કર્મનાં દુઃખ આવાં સહીશું?
પિતા માળિયે જાળિયે તો રહીશું?
હશી હાથ બીડી પિયુને ન આપી;
કરી વાત પ્રીતે ન બેઠાં તદાપી.
ગળે હાથ નાખી કરી ચુંબનોને;
અતી ખુશ કીધા નહીં મેં મનોને;
વળી નાથને વાયરા ના ઉરાડયા;
પિયુ ઉંઘમાંથી કદી ના! જગાડયા.
લઈ ફૂલગોટા સુંગાડયા નહીં મેં;
કદી ભોગવ્યું સુખ એવું નહીં મેં,
કદી વાત પુછી નહીં મેં સંસારી;
પિયુ પ્રાણ સાથે ન વાણી ઉચારી.

વળી ઉષ્ણ પાણી મેં આણી ન આપ્યું;
ભરી ભૂ-કુંડો રૂડી રીતે ન સ્થાપ્યું.
વળી તેલ ફૂલેલ અંગે ન ચોળી;
અહો હાથ મેં નાથનો નાહિ ચોળી,
જમાડયા રમાડયા કદી ના જરીએ;
અરે ! એવિ દુઃખીણિ કીધી હરીએ.

(હશે ! જેવી કરતારની મરજી!! જેટલું દુઃખ વિધિએ લખ્યું હશે તે મારે જાતે ભોગવવુંજ પડશે. એમાં હું કોણો દોશ કહાડું ? મારા નશીબનોજ. પ્રાણ પતિને કાગળ લખી રવાના કરેછે) (તે નીચે પ્રમાણે વાંચેછે.)

તા. ૨૦મી ઓગષ્ટ સન ૧૮૮૭.

પ્રાણ પ્રિય, વિદ્યાસાગર, શિરછત્ર,

ચક્ષુતેજ, હૈયાનાહાર, માહારા વહાલા પતિ.

મુ. શુભસ્થળ.

લી. નમ્ર અને આપની આજ્ઞાંકીત દાસીના સાષ્ટાંગ દંડવંત પ્રણામ આપની પવિત્ર શેવામાં અંગીકાર કરવા તસ્દી લેશો. હું અહીં શ્રી જગકર્તાની તથા ઈષ્ટદેવની કૃપાથી ખુશીમાંછું. આપ પણ એવી હાલતમાં હશો. આપના કોમળ હસ્તનો કૃપા ભરેલો પત્ર વાંચીને હું અત્યંત ખુશી થયેલછું. અહો ! જેવી રીતે મીન જળવિના તરફડે છે તથા ચાત્રુક્ષ પક્ષી વરસાદની રાહ જોઇ ચોમાસાના

દિવસોમાં ઉંચી ડોક કરી આતુરતાથી બેસી રહે છે; તેમ હું આપના વિરહથી દુઃખી થયેલી આપની આજ્ઞાકિત દાસી આપના સુંદર ચેહેરાની અભિલાશી દર્શન માટે રાહ જોઈ બેસી રહેલ છું.

પ્રિય પ્રાણનાથ! આપ જ્યારથી ગયા છો ત્યારથી આપની પાછળ આપના વિયોગને લીધે મારો જીવ હમેંશાં તરફડીયાં મારેછે. હું રાત દિવસ આપની પાછળ ઝુર્યા કરૂં છું. પ્રિય! આપના સુશોભિત મુખાર્બીંદના દર્શન થયાં ઘણા દિવસ થઇ ગયા. માટે હવે ક્યારે દર્શન કરાવશો ?

(સીતાજીના મહિનાનો રાગ).

સ્વામી સાંભળો મારી વાત નમી તમને કહું;
મારા પ્રાણ પ્યારા ભરથાર દર્શન ચીતમાં લહું.
વહાલા તમવિણ નથી કોઈકે આ દુનિયા મહી;
હુંતો વળગી તમારી બાંહ્ય અબળા દાસી સહી.
સ્વામિ કુટુંબને પરિવાર અને સહીઅર સખી;
પણ તમવિણ નાથ ન કોઇ સગું મારૂં નથી.
હુંતો દાસી તમારી હમેંશ કહું કર જોડીને;
પ્યારા શામ ફરમાવો કામ હરનીશા મને.
મારા માત પિતાએ હેતથી સોંપી આપને;
મુકી ચાલ્યા પીયુ પરદેશ રહું કાંની કને.
મારી સહીઅર શું કરતી વાત પ્યારા સ્વામી તમતણી;

હવે ઉભરાતું મારૂં મન યાકુળ વ્યાકુળ ઘણી.
તેથી બનતી અધિરી આપ મળવાને કારણે;
તમ પ્રેમનો પામવા પાર ધરી રૂડી ધારણે.
સ્વામી તમ વિણ મા અને બાપ વ્રથા સૌ વિશ્વમાં;
સાચો પ્રેમ તમારો પ્રમાણુ ગુણું સંસારમાં.
પ્યારા લખશો મારા પર પત્ર હેત ઘણું આણીને;
મુજ દાસીની લેવા સંભાળ પીઉ પ્રેમ માણીને.
સ્વામી સંસારનું અતી સુખ પ્યારા પ્યારી સાથનું;
બેસી પ્યાર તણી કરો વાત બીડું ખાઇ પાનનું.
તમે છોજી મારા શણુગાર ઘેલી ફરૂં તમ વિના;
આવી બુજાવો અંગની લાય બળે તણખા જીણા.

બાર માસી.

ગમતું નથીરે ઘરમાં વિના શામના;
આ મોટાં મંદીર ખાવા મુજને ધાયજો. ગમતું. ટેક.

કારતક.

હા કારતક માસે અણકુટ ઓછવ થાયછે;
પિયુ વિના મુજ મન ઘણું અકળાયજો.
સ્વામી તે મુજને પલકે પલકે સાંભળે;
મારા મનમાં વિચાર જૂદા થાયજો. ગમતું.

માગસર.

હા માગશર માસે લગ્નાં તો લોકો કરે;

બાંધે તોરણ પોતપોતાને દ્વારજો.
સખીયો ભેગી થઈને ગાવા સંચરે;
મારા પેટમાં ભડકે બળે અંગારજો. ગમતું.

પોસ.

હા પોશ મહિનામાં પડે અતીશે તાડકી;
અંધારી તો દીસે માજમ રાતજો.
હા તમરા બોલે ને મનડું મારૂ તો ડગે;
હા પ્રાણ પિયુ પરદેશ રહ્યા શીદ નાથજો. ગમતું.

માહા.

હા માહા માસે તો મનડું મારૂં ડગમગે;
હા એકી નજરે નીરખ્યા નહીં મેં નાથજો.
હા ગુણીયલ કંથા ક્યારે મુજ ઘેર આવશે;
હા મેંતો•હશીને બીડુ ન આપ્યું હાથજો. ગમતું.

ફાગણ.

હા ફાગણ માસે સખીયો મારી સૌ રમે;
હા પોતપોતાના પિયુને છાંટે રંગજો.
હા વાત કરે ને હશીને બોલે હેતથી;
હા એ જોઈ મારૂં ભડકે બળેછે અંગજો. ગમતું.

ચૈતર.

હા ચૈતર માસે ચંપો તો ખીલી રહ્યો;
હા ખીલ્યાં સરવે ગુલાબી તો ફુલજો.

હા ભમ્મર તો સરવેની સુગંધ લેતો ફરે;
હા મારા શરીરમાં દેખી ભાગે શુળજો. ગમતું.

વૈશાખ.

હા વૈશાખે તો ખેતર સૌએ ખેડીયાં;
હા આંબે ખીલી મોટી શાખ જણાયજો.
હા મધુરે શબ્દે કોયલ તો ટઉકા કરે;
હા મારૂં અંતઃકરણ ભેદાઈ જાયજો. ગમતું.

જેઠ.

હા જેઠ માસે તો જમીનરે તપે ઘણી;
હા તપે બીજું કામાતુર મુજ તનજો.
હા એક તાપ તો લાગે મને ઉપર તણો;
હા બીજો કામ તાપે તપે મુજ તંનજો. ગમતું.

અશાડ.

હા અશાડેતો મેઘ ચડીને આવીયો;
હા મધુરા શબ્દે બોલે સુંદીર મોરજો.
હા દેખી બળે અતીશે મારૂં કાળજું;
હા ભરજુવાની અતીસે કરતી જોરજો. ગમતું.

શ્રાવણ.

હા શ્રાવણ માસેતો દીસે શોભા ઘણી;
હા પીયુંશું હું રમી નહીં ચોપાટજો.
હા કોટે વળગીને ના બેઠી કંથને;
હા હેતે હમે હીચ્યાંન હીંચોળા ખાટજો. ગમતું.

ભાદ્દરવો.

હા ભાદરવામાં થાયછે લીલા લેહેરરે;
હા પચુસણના આવ્યા સુંદર દીનજો;
હા દેવને દર્શને જાય શખીયો પ્રીતથી;
હા તે જોઇ મારો ભડકે બળેછે જીવજો. ગમતું.

આશો.

હા આશો માસેતો આવ્યા નવ નહોરતાં;
હા સખીઓ મારી ગરબે ગાવા જાયજો.
હા હોડી પહેરીને તાળી પાડે લટકા કરી;
હા પોત પોતાના પતિને જોતી જાયજો: ગમતું.
(હા) દીવાળીના આવ્યા સુંદીર દાડલા;
કરે દીવાને મૂકે લીલા છોડજો;
(હા) હંસ હંસલી હાસ્ય વિનોદ અતી કરે;
મારે એવો નવ થયો સંજોડજો. ગમતું.

હે પ્રાણપતિ મારાથી આ અધીક કામ તાપતું દુઃખ હવે નથી સહન થઈશકતું. માટે હવે જેમ બનીઆવે તેવી રીતે જલદીથી મારા દુઃખનો નીવારો કરો—એજ તા૦ ૨૦-૮-૮૭.

લી૦ હું આજ્ઞાનકીત દાસી.

(કાગળ વાંચતાં વાંચતાં એકદમ ધરણિપર મુર્છા ખઈ પડેછે.)

" અહો ! આ શું મારી પ્યારીનો પત્ર ? અરે વા-

હ! પરમેશ્વરની કેવી ખુબીછે. મને જેટલું આંહી વિયોગથી દુ:ખ થાયછે તે કરતાં, એની કાગળ લખવાની ઢબ પરથી અધિક એને થતુંજ હશે. અરે! પણ સઘળું જીવવું વૃથાછે. પ્યારી! પ્યારી! પ્યારી! એ મને રાત્રે નીદ્રામાં પણ ઘણી ખરી વખતે યાદ્દ આવેછે." અહો! શ્રી જગતકર્તા પ્રભુએ જો પ્યારી રૂપી રત્ન માણુસ જાતને નહીં મેળવ્યું હોતતો બેશક પુરૂષ પોતાના મદમાં ઉન્મત થઇ જાત; એમાં કાંઇપણ વાતનો સંદેહ નહીં.

"અરરર! આ વખતે હું કેટલો દુ:ખીછું? મને મારી પ્યારી શિવાય આ ઘર અને બાર, મેહેલને અવાસ, સુનું દેખાયછે. જુવોકે વળી શાસ્ત્રમાં પણ શું કહ્યુંછે—

गुणीपत्नीगुणीविद्याअकालेफलदायनी,
प्रवासेमातसदशीविद्यागुप्तंधनंस्मृताः

વળી જુવોકે પ્રજા રાજા વિના, ચંદ્ર રાત્રી વિના, ઘર સુત્ર વિના, રૂપ ગુણ વિના, ભોજન લવણ વિના, દિવસ સૂર્ય વિના, વણિક વ્યાપાર વિના, કણબી ખેતી વિના, બ્રાહ્મણ વિદ્યા વિના, અને ક્ષત્રી સહસ્ત્ર વિના, જેમ સોભા રહીત થાયછે. તેમ હું મારી વહાલી પ્રિયા વિના શોભા રહીતછું. વળી તેમજ ખેતર વાડ વિના, ક્ષત્રી સુર વિના, મીન પાંણી વિના, ચકોર ચંદ્ર વિના, અને ઝાડ પાત્રાં વિના, સુનું દેખાયછે. તેમ હું મારી પ્યારી વિના

શોકાતુરછું. આ ઘરમાં મને જરીએ ગમતું નથી.

લાવણી.

હે પ્યારી મારી રાત્રે નીંદના આતી,
તુજ વિયોગ સુણી ભડકે બળતી છાતી;ટેક.
તું જાણે મનમાં હશે મને વિસારી,
પણ વિના તું પ્યારી હાલત જોશે નઠારી;
વિવ્હલ થઈના જાતી હિમત હારી,
હું જાણું છું તું ખરે પ્રતીવ્રત નારી;
આંસુથી સુણીને આંખ થઇછે રાતી,
તુજ વિયોગ સુણી ભડકે બળતી છાતી. ૧
મને ગમે નહીં તલભાર વાત યાદ આવે,
તુજ વિયોગથી આ શહેર રાન દીસાવે;
જગ મોહની આવી હર્ષ ધરી જો બોલાવે,
પણ કાયા બક્ષી તુજ, અંતર દીલ ઓપાવે;
હાકામઆગ દીલબળે વિયોગ પડયાથી,
તુજ વિયોગ સુણી ભડકે બળતી છાતી. ૨
ક્યાંસુધી હવેતો આવાં દુઃખડાં સહીશું,
પરદેશી વેરાગી થઇ પરદેશે રહીશું;
ક્યારે વળગીને કોટ પ્રેમરસ પઈશું,
કામા અગ્નીના દુઃખથી મુક્તરે થઇશું;
તુ જલદી આવી ઘોચ ગળામાં કાતી,

તુજ વિયોગ સુણી ભડકે બળતી છાતી. ૩

ભુજંગી છંદ.

અગાશી ચઢી જે ઘડી હું બિરાજું, પ્રિયા દેખીને મનમાં ખુબ રાચુ;
વળી પાન બીડી કરી પાસ આવી, ગળે હાથ નાંખી શુ રીતે ખિલાવીં;
બધીવાત અત્યારમાં યાદ આવે, પ્રિયા વીણ છે ધીક્ક કાંઈ ન ફાવે.
પ્રિયા શીર જો ચોટલો નાગણીનો, મહી ઓપિયો ગોફણો તો મણીનો.
વળી ભાળજો લાલ મોતીનિ હેરો, પુર્યો સેંથલો દીપતો તે ઘણેરો;
વળી આડ શીંદુરિ કીધી કપાળે. અતી રૂપની કામનીછે વીશાળે.
વળી બંદગી શું લિલાટે કરીછે, નક્કી ઉતરી સ્વર્ગની એ પરીછે;
ગળુ જો મયુરાજની સમ ડોલે, જુવો વાસરે છોડીઓછે કપોળે.
ગળે ઘાલિયા હાર એકાવળી છે, સુણી સાદને કોયલીજો ટળી છે;
કર્યો વાસ વેરાનમાં જોઈ પ્યારી, નહીં એક ચીત્તે રહ્યું કોઇ ધારી.
વળી મોટિ છાતી જુવો ફૂલ ગોટા, પડ્યા પેટજોની પ્રિયાને લિસોટા;
વળી હાથ જો હાથિની સુંઢ જેવા, પવીત્રે મને કામની કર્ત્તી શેવા.
કડું વાંક જો ફૂણીએ લીધ ઘાલી, દિપે કાનમાં કાપને સુભ વાળી;
વળી ચૂડલો કાંડલે દાંત કેરો, પેરી ગૂજરી છે જડ્યો માંહી હિરો.
વળી આંગળી જોફળીથીશુંવાળી, કણી જો મણી નખ્ખ સાથેનીહાળી;
પ્રિયા નેનમાં આંજીયું અંજ જીણું, પડી હું ટળી ધર્ણીના પૈત્રવિણુ.
વળી હોઠજો પાતળા રક્ત દીસે, રૂપે કામની ભામની જો અતીશે;
વળી હાર જો શસ્ત્રધારી મળીછે, જુવો દાંત એ ડાઢમોંની કળીછે.
મહા યુદ્ધમાં ઇંદ્રરાજા હરાવી, લીધું બાણને પ્યારીએ જો ખુંચાવી;

ધર્યું આંખની ઉપરે રક્ષ કારી, રહ્યો ઇંદ્ર રાજા બિચ્ચારોજ હારી;
વળી નાક જોશૂકના સમ પેખું, જડયા વાળીએ રત્ન તો સુભ દેખું.

હરિગીત છંદ.

વનિતા સવિતા પેઠે દોડી આવતી મારી કને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને;
હો ઈશ જો જગધીશ દુઃખી થાય ભરતા માહરા,
મેં પાપણી અભાગણીએ શા કીધ ધુના તાહરા.
ઓ માત કેવું સુખ દીસે સાથ સખીયો સરવને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને;
વળી જાય જમનાં તીર ભરવા નિર પહેરી ચિરને,
નીચું નિહાળી બાળી ચાલે ઢાંકી આધુ શિરને.
સુભ વાત કર્તી સાથ સખીયો હાથ મેલાવી તને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને;
હું માગુ પીવા નીર ધારી ધીર નિરમળ લાવતી,
સુખ પાસ મૂકી પ્યાસ કરતી શાંત મારી હાથ્યથી;
વળી શાંણી વાંણી ઉચરે લ્યો શાંમ આણ્યુ નીરને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને.
નિશા સમે વાળુ કરી રંગ મહેલની જાતો ભણી,
શણગાર પહેરી વેલિ વીલા આવતી એ હિરણી;
બીડી બનાવી સુકી ઝીણી કાતરી સોપારિને,

નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને.

કહો નાથ સુંદીર વાત કાંઇ ધરમ રિતી આચરી,
ધરી ચિત્ત ગાંહી પ્રીત ધારી હીત આવી હું ઠરી;
શુ શાસ્ત્ર ગોદી નીતી શોધી શિખવો નિજ દાસીને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને.
નીતી તણા વીચાર સારા સાસ્ત્રમાંથી શીખવું,
કરેલ જોઇ તૈયાર સૈયા માંહિ હું જઈ સુઇ રહુ;
આદી તરેહની રીતથી એ ત્રમ કરતી મંનને,
નીરાશ દેખી મુખ પામી દુઃખ કેહેતી દેહને.

વસંતતિલકા છંદ.

રે શાંણિ વાંણિ વદતી, ભરથાર ધારી,
પૂજા તણી હરશથી, કરતી તયારી;
ધાવંત દંત કરતી, સુભ આદરીને,
માગે તથાસ્તુ વર, મૂખથી ઉચરીને.
અંઘોળ અંગ કરવા, શુ વિચાર આણી,
પ્યારી પવીત્ર મનથી, જોઇ સૂધ્ય પાંણી;
પુંજા પ્રભાત કરીને, પિયુ પાસ આવે,
પ્યારા પિયૂજી કહિ, મુખથી તો બોલાવે.

તોટક છંદ.

સુણિ શબ્દ પ્રિયા મન હર્શ ધરી, ઉઠુ રંગ પલંગ પ્રભૂ ઉચરી;

મુજ પ્રાણ પ્રિયા જળ પાત્ર ગ્રહી, વળિ દંત અમુલ્ય લઇને સહી.
પ્રિયનાથ અનાથ તણી મમતા, ખુબ હર્શ થકી પુરણ કરતા;
કરિ દંત નિહાળુજ મૂખ વળી, સમરૂ પ્રભૂનામ ઢળી હું લળી;
શુભ બાજઠ જોઇ જઈને ઠરૂ, સરૂ નાવણ અંગ તણુંજ કરૂ.
પ્રિય તેલ ફુલેલ લગાવત હે, પ્રિયનાથ ઠરીને ચોળાવત હે.
ગ્રહિ વસ્ત્ર અમૂલખ આવત હે, શુભ અંગ તરંગ સુભાવત હે;
ધૃત દીપ સુપ્રીત રહ્યો છ ઝળી, શુભ પાત્રિ પવીત્ર સુરીત મળી.
ધરિ ધ્યાન સમાધિ ધરીન ઠરૂ, એક ચીત જપી નમી અર્જ કરૂ;
ભરિ થાળ વિશાળજ અંન તણી, ખડિ આતુરતા જોઇ વાટ ધણી.
રમણીક અથાગ રસોઇ કરી, ભર ભામનિ આનંદ ભેર ઠરી;
પ્રિયનાથ પધારો કરૂ વિનતી, જગ તાત ટળો સરવે વિપતી.
ધણિ ભાત તણાં વળી ભોજન, હરનીશ જમી સુખમાંજ રહું;
એ રિતે અતી સુખ ભોગવીયાં, રમતાં જમતાં કરતાંજ કીયા.
જદ અંન જમીને હું ત્રપ્ત થતો, કર સાફ કરી રંગ મહેલ જતો;
તદપી પ્રિય પાનની બિડી ધરે, ફળ ફોફળ આપી પછી ઉચરે,
અપરાધ ક્ષમા પ્રીય પ્રાણ કરી, જગનાથ વિદારો તમારા અરી;
ગુણવંત અતી ગુણવાન પ્રિયા, નિતિ શાસ્ત્ર પ્રમાણે કરીજ ક્રિયા;
જમતી સુભ પાટ બિરાજ થઇ, શુભ વસ્ત્ર સજી નિજ સોડ જઇ;
સઉ કામ કરી પરવારી પરી, નિરખું પ્રિય પાસ ઠરેલ ખરી;
જોઇ ઉંઘ મહી સુતેલ મને, અતિ ભાવ થકી વપલે પગને;
ત્રણ ચાર કલાક મુકામ કરૂ, નિજ બ્હેર બહાર પછી સંચરૂ;

તત્ર વાટ જોઈને ઝરૂખે અડે, દરસંન વિલાસિજ રોઇ પડે;
કઈ વાર લગાર ન કામ કરે, મનમાંહી નિરાશ થઇજ ફરે;
વળિ બુટતણો ચમકાટ સુણી, થઈ ખુશિ પ્રિયા મુજ આવે ભણી;
લઇ નીર સુપારિને પાન વળી, ગ્રહિ હાથ પ્રિતમ તણોજ પળી;
વળિ વાત વિચાર સુસાર તણી, અતિ સુંદર કાન્ત શુકાન્ત ઘણી;
પછી વાળુને માટ અમેજ જતા, પ્રિય જોડ બિરાજીને આરોગતા;
સુખવાસ કર્યા પછી બુક લઇ, મુજ વેટીંગ રૂમ મહીજ જઇ.
કરતો વળી ઉંડ વિચાર જુઓ, તવ શીર શશિ ભરપુર હુવો;
હરનીશ પ્રિયા સંગ રંગ રમા, સુખ ભોગવતા અગ્નિજ દમી;
રહિ પ્રાણ પ્રિયા યહી દુર ઘણી, જળ વીણ જુઓ મીન શેશ મણી;
યહ પ્રાણ પ્રિયા કહો ક્યાંઇ હશે, પ્રિય નાર તજી ઘર બાર ફસે,
ભવપાળ તને ગમતુંજ થયું, સુખ નાવ સમુદર ડોલી ગયું;
થતુ આવી દયા નહિં મન ગમતું, મળ્યુ રત્ન અમૂલ્ય જતું નહતું.

માલિની છંદ.

કનક કનક વેલી મેલીને લાજ સુવે,
ધરિ હરસ હઈએ, આવીને પાસ સુવે;
સમક્ષ સકલ ભાળી, વાંણી શાંણી ઉચારી,
હરણિ ચરણ દાખી, રાચતી સ્ત્રી વિહારી.

મનહર છંદ.

મનહર છબી તારો મનને તો હરનારી,

કરનારી ઘાયલ તું મનના વિકારથી;
વાણી શાંણી યાદ આવે જમતાંન અન્ન ભાવે,
પમાડે જે શાંત પ્યારી પતિવ્રત પ્યારથી,
મળી એક વાર દિલદાર તણું હિત ચાહી,
ચિત મહી પ્રિત તણા રીબાવું છું મારથી;
હવે નકી જાણુ પ્યારી હાલત ખરાબ મારી,
જુવતી જલાવ સીદ સંગીતના મારથી.

લલિત છંદ.

અરર ઓ પ્રભુ, પ્યારી ક્યાં હરી, વિરહ તાપથી, દુઃખી છું
હરી; (ટેક.)

સઘળુ લાગતું, સૂનુ જક્ત આ, નયન નીરથી, થાય રક્ત આ;
જગત તાતરે, વાત માહરી, વિરહ તાપથી, દુઃખી છું હરી. ૧
મન ઉડી જતું પ્યારી પાસજો, હરનિશાં ઝુરી, થઉ ઉદાશ તો,
સુદર રંગની, રીતી આદરી; વિરહ તાપથી, દુઃખી છું હરી. ૨
પલંગની મહી, સુવું જો જઇ, ચટક ચાંચણો, માંકણી સહી;
ભમતી આમતી, શાંણી વિચરી, વિરહ તાપથી, દુઃખી છું હરી. ૩
કર ચડાવને, પાંખ હો પ્રભુ, નમન હું કરી, આવુ છું વિભુ;
પરમ પ્યારની, વાણી ઉચરી, વિરહ તાપથી, દુઃખી છું હરી. ૪
અરર હાય શાં, પાપં મેં કર્યા, જગત જોગિનાં ધૃવ્ય શું હર્યા;
અગર નીરમાં, પાપ શું ધરી, વિરહ તાપથી, દુઃખી છું હરી. ૫

વિવિધ ભાતની, રીત મેં તજી, દુઃખણી નારની, પ્રીત જો સજી;
અધિક પ્યારી તે, મૂકી પરહરી, વિરહ તાપથી, દુઃખી છું હરી.૬
સરર સુસરાં, બાણ વાય છે, તુજ મેળાપને મંન ચાહ્ય છે;
સરવ વાત જો, યાદ હું કરી; વિરહ તાપથી, દુઃખી છું હરી. ૭
હર ઘડી પ્રીયા, યાદ આવતી, રજનિ આખી તો, એ સતાવતી;
લગીર મંન ના, જાય વિસરી, વિરહ તાપથી, દુઃખી છું હરી.૮
ચતુર નારીની, રીતી સાંભળી, જરૂર કાળજું, જાયછે બળી;
જગત પાળશું, ના દયા જરી; વિરહ તાપથી, દુઃખી છું હરી ૯
જમણુરે તણી, રાહ જોઇને, અત્યંત પ્યારથી, બોલાવી મને;
શરમ આદરી, પાથરી પળે, હરશ આંણીને, બાઝતી ગળે. ૧૦
તદપિ પ્યારી તે, દુર તો પડી, અરર હાયરે, ના ગમે ઘડી;
કરમ કાંણી હું, કાંણને કહું, દીન વિયોગના, શી રીતે સહું.૧૧
સપન આવતાં, રાતરે મને, જરૂર સુઉછું, નારની કને;
પલંગ પાથરી, હર્શ આદરી, વિહારી સંગ શું, ભોગરે કરી. ૧૨
અરર હાય આ, જળ પાત્રને, નિરખતાં પડે, ઘા આ ગાત્રને;
સુંદર હસ્ત શું, બિડી લાવતી, લવિંગ એલચી, થી ખીલાવતી.૧૩
અરર હાય તે, હાલ ના કશું, વિપત્તી આવિયા, દુઃખ જો વશું;
પરમ પ્યારીનો, પ્યાર સાલતો, વિરહ આદરી, દુઃખી તો થતો. ૧૪

વણજારો.

દુઃખ પડે અહીં મુજને પ્યારી મારીરે.

નહીં જીવની જાણજે આશ ચતુરા નારીરે.
ખાતાં ભોજનીઆં ન ભાવતાં, પ્યારી.
મને ગમે ન ભોંવન અવાસ. ચતુરા. ૧
યાદ આવે છબી તાહરી, પ્યારી.
રૂપ ગુણ તણો ભંડાર; ચતુરા.
પાન બીડી બનાવીને, પ્યારી.
કર દેતી હૈયાનો હાર. ચતુરા. ૨
તે મુજથી પડી વીખટી, પ્યારી.
ગમે નહીં મુને તલભાર; ચતુરા.
સૈયા મુને સાંજે સાલતી, પ્યારી.
કરૂ મનમાં ઉંડ વિચાર. ચતુરા. ૩
જળ પાત્ર ગ્રહી હાથમાં, પ્યારી.
કોણ આપશે પીવા નીર; ચતુરા.
તે સૌ હૈયામાં સાલતું, પ્યારી.
શુણી છુટી જાય છે ધીર. ચતુરા. ૪
વચન પ્રિયા તારાં સાલતાં, પ્યારી.
કોણ દેશે દુઃખમાં ધીર; ચતુરા.
રૂમ ઝુમ કરતી આવતી; પ્યારી.
શામ રિઝવવા પેહેરી ચીર. ચતુરા. ૫
શણગાર અંગે સોળે ધરી, પ્યારી.

કરતી હાસ્ય વિનોદથી વાત; ચતુરા.
તેમાંનું કંઈ નહી પાસમાં, પ્યારી.
વિરહે સોસાઇ જાયછે જાત. ચતુરા. ૬
દેવની સેવા હું કરૂં, પ્યારી.
ધરી લાવતી પાત્રી ઉમંગ; ચતુરા.
તૈયારી કરતી પૂજા તણી, પ્યારી.
નથી તેમાંનું કંઇ મુજ સંગ ચતુરા. ૭

હે વિભુ! જગતના કર્ત્તા! સૃષ્ટિના પાલન પ્રભુ! દિન દયાળ! અહો મારી પ્યારી વિના હું કેટલાં બધાં દુઃખ ભોગવું છું. મેં જ્યારથી એનો સંગ છોડયો છે ત્યારથી મારી કાયા જેવી રીતે રાવણ સિતાનું હરણ કરી ગયો. ને રામની કાયાને તથા નળના વિયોગથી દંમીયંતિની કાયાને જેટલાં કષ્ટ વેઠવાં પડયાં છે તેના કરતાં અધિક આ પરદેશમાં રહી મારી પ્યારીના વિયોગથી મારી કાયાને દુઃખ સહેવાં પડેછે. અરરરરરરર! હે શંકર! તને પણ જરકે મારી દયા આંવતી નથી? તું દયાળ શેનો? પરગજુ શેનો? પરદુઃખભંજન શેનો? ના? ના??? ના??? એમાં તારો વાંક નથી. મારા કર્મનોજ વાંક છે. (એમ કહી મુર્છા ખઈ ધરણિપર ઢળી પડેછે).

સમાપ્ત.

પ્રથમથી ગ્રાહક થનારનાં નામ.

૧૧	લાલા ચંદુલાલ બિહારીલાલ.	અમદાવાદ
૧૦	હરીલાલ ભાઇશંકર. ઠાકર.	ઉમરેઠ.
૧૦	છગનલાલ પુરશોતમ. વકિલ.	સાવલી.
૬	ગોવિંદલાલ મણીલાલ રાવળ.	અમદાવાદ.
૫	પરસોતમ પ્રભાશંકર શેલત.	ઉમરેઠ.
૫	રા. દલશુખ ગીરધર.	નાંદોલ.
૪	રા. મગનલાલ હરગોવિંદ.	પરાંતીજ.
૪	ઓછવલાલ છગનલાલ.	લુણાવાડા.
૪	ભૂધરભાઈ શંકરભાઈ બારોટ.	કલોલ.
૩	કેશવલાલ વિઠ્ઠલદાસ દેસાઇ.	કપડવણજ.
૩	છોટાલાલ વૈજનાથ ઠાકર.	મહુધા.
૩	રા. માધવલાલ ધનેશ્વર.	ચુડા.
૩	રા. મગનલાલ દીપચંદ.	મહુધા.
૨	રા. છોટાલાલ હીરાચંદ.	કઠલાલ.
૨	રા. ભાઈલાલ પુરસોતમ.	કંઝરી.
૨	રા. ઇશ્વરલાલ જયચંદ.	પાલનપુર.
૨	રા. રણછોડલાલ સવચંદ.	ઊવરસડ.
૨	રા. હીરાસીંહ ગોપાલસીંહ.	કલોલ.
૨	ભવાનભાઈ ઝવેરભાઇ પટેલ.	નડીઆદ.

૨	બાપાલાલ કેશવલાલ દેસાઇ.	કપડવણજ.
૨	રા. જગેશ્વરસીંગ મહાબલસીંગ.	અમદાવાદ.
૨	રા. રણછોડલાલ શેવકરાંમ.	રાધનપુર.
૨	રા. હરીલાલ પ્રેમાનંદ ભટ.	સાદરા.
૨	નટવરલાલ ડાહ્યાભાઈ દેસાઇ.	અમદાવાદ.
૧	મણિલાલ શિવલાલ દ્વિવેદી.	ઉમરેઠ.
૧	રા. છોટાલાલ હરીશંકર.	માતર.
૧	રા. દલશુખ હરગોવિંદ.	તોરણા.
૧	ચુનીલાલ ત્રીભોવંન ત્રિવેદી.	કપડવણજ.
૧	ત્રંબકલાલ દેવશંકર દવે.	ઉમરેઠ.
૧	રા. ઓછવલાલ વલ્લભદાસ.	કપડવણજ.
૧	રા. નરસિંહ આત્મારામ.	વિરંમગામ.
૧	રા. વાડીલાલ વિરચંદ.	કોશીંદરા.
૧	ભલાભાઈ દેસાઇભાઇ પટેલ.	નવાગામ.
૧	રા. વાડીલાલ જમનાંદાસ.	અમદાવાદ.
૧	રા. કેશવલાલ ભાઈલાલ.	”
૧	રા. દ્વારકાંદાસ ત્રીકમદાસ.	”
૧	રા. બાલાભાઈ વ્રજવલ્લવ	”
૧	રા. કુરણાશંકર રામશંકર	”
૧	રા. રામદાસ લાલાજી	કચ્છ.
૧	રા. નરશિરાંમ હાથિરાંમ	”

૧ રામજી ટોકરશીહ શાહ	કચ્છ.
૧ રા. વિરચંદ લક્ષમીરાંમ	”
૧ રા. ખુશાલદાસ લક્ષમીરાંમ	”
૧ રા. છગનલાલ ખુશાલરાંમ	ચોઇલા.
૧ રા. દલશુખરાંમ પુંજારાંમ	”
૧ રા. દ્વારકાંદાસ	કાલોલ.
૧ રા. ત્રીકમદાસ મથુરદાસ	નડીઆદ.
૧ રા. ચીમનલાલ અમરતલાલ.	”
૧ રા. આણંદરાય કલ્યાણરાય.	”
૧ બલવંતરાય, આર. દેશાઈ.	”
૧ ચંદુલાલ લલુભાઈ. ઝવેરી.	”
૧ વિઠલ દલસુખરાંમ પારેખ.	”
૧ ત્રીકમલાલ કુબેરજી પાઠેક.	”
૧ મિ. એમ. સી. દેસાઈ.	”
૧ મિ. એસ. એમ. મહેતા.	”
૧ ચીમનલાલ. એન. શાહ.	”
૧ રા. આણંદરાય જદુરાય.	ડભોઇ.
૧ રા. ભાઇલાલ પરસદરાય.	”
૧ રા. માણેકલાલ મોતીલાલ.	અમદાવાદ.
૧ રા. અચરતલાલ કેશવલાલ	”
૧ રા. નાથાલાલ ત્રીકમભાઈ.	”

૧ રા. માણેકલાલ કરસનદાસ.	અમદાવાદ.
૧ રા. ભુપત બળવંતરાવ.	”
૧ મિ. બી. એફ. કારભારી.	અમદાવાદ.
૧ લાલશિંહ રામશિંહ પરદેશી.	”

અંતર લાપીકા છંદ.

નાનપણામાં મેળવ્યું, મૂળ ધરમનું જ્ઞાન;
થઈ રાજી અંતર વિશે, લખીને દીધી સાન.
જીકીસીકી પાય જેમ, જીવજંતુને નીર;
તેમ મીત્રનો હકક સૂભ, જાણી દેછે ધીર.
કપડવણજ મુળ ગામ છે, અટકે જોશીરાય;
દે આશિશ ગુલફામ જે, પૂર્ણ મનોરથ થાય.

લી. આપનો પરમ મીત્ર,

મોતીલાલ નાથજી મહેતા.